# ગાંધીનગર જિલ્લા કક્ષાનો બેસ્ટ ફાર્મરનો એવોર્ડ મેળવનાર રમેશભાઈ પટેલ કહે છે ડ્રીપ ઈરીગેશન એટલે પાણીની બચત... નિંદામણ ઓછું... પાકના ઉત્પાદનમાં વધારો... માનવ શક્તિની ઓછી જરૂરિયાત!

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતી -જામાં -ચંડ પુરૂષાર્થ, આગવી સુઝ અને સાહસિક વૃતિ સહજ રીતે અભિવ્યકત છે. અને એ જ તેની પરંપરાગત ઓળખ છે. આવા જ સાહસિક અને દ્રઢ મનોબળ ધરાવતા રાજયના પાટનગરથી થોડાક જ અંતરે આવેલા લીંબડીયા ગામ નજીકના પંચવટી ફાર્મમાં રહેતા ધરતીપુત્ર શ્રી રમેશભાઇ કાન્તિભાઇ પટેલને આત્મા -નેજેકટનો ગાંધીનગર જિલ્લા કક્ષાનો બેસ્ટ ફાર્મરનો એવોર્ડ મળ્યો છે. રમેશભાઇ આ રકમ માંથી રૂપિયા ૫ હજારનો ચેક માન.મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાં અર્પણ કરશે.

-ભાવશાળી ચહેરો અને અલગ જ વ્યક્તિત્વ ધરાવતા રમેશભાઇ પટેલે પોતાની વાત કરતાં કહ્યું હતું કે, આમ તો અમે મૂળ સાબરકાંઠા જિલ્લાના -ંતિજ તાલુકાના ગડકણ ગામના છીએ.. અમારા બાપદાદાએ વર્ષો પહેલા લીંબડીયા ગામની જમીન ખરીદી હતી.



એસ.એસ.સી સુધી ભણેલા રમેશભાઇ પટેલે પોતાના ભાઇઓ સાથે આ જમીનમાં ખેતી શરૂ કરી હતી. નાનપણથી જ કંઇક નવું કરવાની જિજ્ઞાસાવૃતિના સ્વભાવના કારણે તેઓ ખેતીક્ષેત્રે પણ નવા નવા -યોગો કરતાં હતાં. તેમણે આજેથી ૩૦ વર્ષ અગાઉ ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અપનાવી લીંબુની ખેતી કરી હતી. આ ડ્રીપ ઈરીગેશનના કારણે પાણીની તો બચત થઇ પણ તેની સાથે સાથે મજૂરોની પણ ઓછી જરૂરિયાત પડવા લાગી.. તેમજ નિંદામણ પણ ખેતરમાં ઓછું થવા લાગ્યું. જેથી મારી જમીનમાં દીવેલા, કાકડી અને ટામેટાના ઉત્પાદનનો ગ્રાફ ૪૦ ટકા જેટલો ઉંચો ગયો.. આજે હું એક વીઘા જમીનમાંથી કાકડીનું ૫૦ હજાર જેટલું અને દીવેલાનું ઉત્પાદન ૩૦-૪૦ મણ લવું છું.

રમેશભાઇએ પોતાની હદયની વાત કરતાં કહયું હતું કે, પહેલા ખેતીલક્ષી યોજનાઓની બહુ જાણકારી આટલી સરળતાથી મળી શકતી ન હતી. જેના પરિણામે કયારેક કયારેક મનમાં -ે ઉદ્દભવતા હતાં. તેનું ચોક્કસ નિરાકરણ મળી શકતું ન હતું. પરંતુ રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા કૃષિ મહોત્સવમાં આવતા કૃષિ તજજ્ઞોનો પાસેથી મને ઘણી માહિતી મળી.જે માહિતીનો ઉપયોગ કરીને મેં મારી જમીનમાંથી ઉત્પાદનનું -માણ વધાર્યુ છે.

રાજય સરકારનો કૃષિઋષિ અને ડાંગરની ખેતીમાં એવોર્ડ મેળવનાર રમેશભાઇ પટેલ પહેલા ૧૦૦ જેટલાપશુઓનો તબેલો ધરાવતા હતા. પરંતુ છેલ્લા થોડા સમયથી માત્ર ૫ ગાયો રાખે છે. આત્મા એવોર્ડ મળવા પાછળ તેમના ધર્મપત્ની મંજુલાબેન અને પરિવારનો મોટો ફાળો છે. તેમનો મોટો દીકરો જયકૃષ્ણ તેમને ખેતીકામમાં મદદ કરે છે. જયારે નાનો દીકરો ધાર્મિક કોમ્પ્યુટરનો કોર્ષ કરીને હાલમાં ઓસ્ટ્રલિયા રહે છે.

એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્માનો જિલ્લા કક્ષાના બેસ્ટ ફાર્મરનો રૂપિયા ૨૫ હજારનો એવોર્ડ મેળવનાર રમેશભાઇ આ રકમ માંથી રૂપિયા ૫૦૦૦ માન.મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાં અર્પણ કરશે. તેમજ બાકીના ૨૦ હજાર રૂપિયા આત્મા -નેજેકટમાં ખેડૂતોને મદદ રૂપ થાય તેવી શિબીરનું આયોજન કરવા આપશે. ધાર્મિકતામાં ખૂબ જ આસ્થા ધરાવતા રમેશભાઇએ પોતાની હાઇવે નજીકની જમીનમાં સુંદર મજાનું મહાદેવનું મંદિર બનાવ્યું છે. તે સિવાય પોતાની અનેક વીઘા જમીનમાં લીંબડા અને આમળાનું વાવેતર કર્યુ છે. આ વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષી મોર મુકત રીતે ઘુમતા જોવા મળે છે. ઠંડા પાણીની સુવિધા ઉભી કરી છે. આ સ્થળ નાના બાળકો માટે પર્યટનનું સ્થળ જેવું બની ગયું છે.

## આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગરના ભાવનાબેન ગોકલાણી દ્વારા આજે તા. ૨૨મી મે-૨૦૧૨ને મંગળવારના રોજ સ્વ. હસુમતિબેન એલ. મહેતાના સ્મરણાર્થે આનંદનો ગરબો યોજાશે. શ્રદ્ધા અને ભક્તિના સંગમ એવો આનંદનો ગરબો પ્લોટ નં. ૪૯૪/૨, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે રાત્રે ૮ કલાકે યોજાશે. જેનો સૌ ભક્તજનો લાભ લઈ શકશે.

## સેકટર-૩-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૩-ડીમાં આનંદનો ગરબો તા. ૨૨ મેના રોજ શ્રીમતી ભાવનાબેન ગોકલાણી પ્લોટ નં.૧૦૪૬/૨ સેકટર-૩-ડીમાં રાખેલ છે. તો ધર્મપ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે.

## આજે પેથાપુર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલા સિદ્ધરાજ બંગ્લોઝ ખાતે આજે ૨૨મી મે-૨૦૧૨ને મંગળવારના રોજ રાધેશ્યામભાઈ મીનાના નિવાસસ્થાને સુંદરકાંડના પાઠ યોજાશે. યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના પાઠનો લાભ લેવા સર્વે ભક્તજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ૫૦ થી ૭૦ લારી ગલ્લાનું સેક્ટર-૬માં સ્થળાંતર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૬ મજૂર માર્કેટ સર્વિસ રોડ આગળ તંત્ર દ્વારા લારી ગલ્લાવાળા વેપારીઓને વેપાર કરવા મંજૂરી આપેલી છે. જેના સંદર્ભે સેક્ટર-૭માં વેપાર કરતા વેપારીઓ સામે સ્થાનિકજનોએ વિરોધ પ્રગટ કર્યો હતો. વસાહતીઓની સમજાવટથી અને વિરોધથી સેક્ટર-૬માં તા. ૨૦મી મે-૨૦૧૨ થી કેટલાક લારી ગલ્લાવાળાઓએ સ્થળાંતર કરી ધંધો શરૂ કર્યો છે.

સેક્ટર-૭-સીના મહામંત્રી કાલુભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, શ્રી સાંઈકૃપા લારી ગલ્લા યુનિયનનાં આગેવાનો સાથે સમજૂતી થતાં લગભગ ૫૦ થી ૭૦ લારી ગલ્લાવાળાઓએ ૨૦મી મે-૨૦૧૨ને રવિવારથી મજૂર માર્કેટ સર્વિસ રોડ, સેક્ટર-૬માં સ્થળાંતર કરી વેપાર શરૂ કર્યો છે. સેક્ટર-૬માં વેપારીઓ દ્વારા સ્થળાંતર થતાં સેક્ટર-૬ના વસાહતીઓને રાહત અનુભવાશે.

## આનંદીમાના વડલે માણસા ખાતે રાહત દરે ચોપડા વિતરણ થશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાંનો વડલો (વાનપ્રસ્થાશ્રમ) અને માંપાલઈ વિઘ્નેશ્વરી ધામ (પંચદેવ મંદિર) તથા શ્રી જલારામ સેવા સમાજ મંડળ માણસા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૩જી જૂન-૨૦૧૨ને રવિવારના રોજ રાહતદરે ચોપડાનું વિતરણ કરવામાં આવશે. જેનો ૧ ડઝન ચોપડાનો ભાવ રૂ. ૧૬૦ (ફુલસ્કેપ ૧૪૪ પેજ) રાખવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા મેળવવાના હોય તેઓએ કે તેમના વાલીઓએ માર્કશીટ લઈને સવારના ૯.૦૦થી ૧૧.૦૦ દરમ્યાન આનંદીમાંનો વડલો, માણસા-મકાખાડ રોડ, મલાવ તળાવ પાસે, માણસાનો સંપર્ક કરવો. માર્કશીટ લઈને આવનાર વિદ્યાર્થીને જ માર્કશીટ દીઠ ૧ ડઝન ચોપડા આપવામાં આવશે જેની સર્વે વાલી-વિદ્યાર્થીગણે નોંધ લેવી.

# સે-૮માં ધોળા દિવસે બંધ મકાનોમાં તસ્કરો ઘૂસ્યા : અડધા લાખની ચોરી

### ચ-૧ કેટેગરીના બે મકાનોને ટાર્ગેટ બનાવ્યા રસોડાની બારીની ગ્રીલ તોડી મકાનમાં ઘૂસ્યા

ગાંધીનગર, તા.૨૧

સે-૮ના 'ચ-૧' કેટેગરીના વિસ્તારમાં સ્થિત બે બંધ મકાનોમાં તસ્કરોએ ગઈ કાલે ધોળા દિવસે હાથફેરો કરી અડધા લાખની વધુ મત્તાના સોના-ચાંદીના દાગીનાની સિફતાઈપૂર્વક ઉઠાંતરી કરી લધી હતી. સરકારી આવાસના રસોડાની બારીની ગ્રીલ તોડી મકાનમાં ઘુસેલા ચોર ઈસમોએ બપોરના સમયે છવાયેલી નિરવ શાંતિમાં તકનો લાભ ઉઠાવ્યો હતો.

શહેરમાં સક્રીય થયેલી તસ્કર ટોળકી બિન્દાસ્ત બનતા ગરમીના દિવસોમાં બપોરની એકાંતનો લાભ લઈ ચોર ઈસમો મોકો મળતા ધોળા દિવસે પણ બંધ મકાનોને ટાર્ગેટ બનાવે છે. સે-૮માં સ્થિત ચ-૧ કેટેગરીના આગળ પાછળના બે મકાનોમાં ગઈ કાલે જાણભેદુ ચોર ઈસમોએ હાથ અજમાવ્યો હતો. પ્રાપ્ય માહિતી અનુસાર સે-૮માં ચ-૧ કેટેગરીના બ્લોક નં. ૭૩૭/૧માં રહેતા ફારૂકભાઈ બલોચનો પરિવાર ગઈ કાલે બહાર હોવાથી દિવસ દરમિયાન તેમનું ઘર બંધ હતું. આ વેળાએ મુખ્ય દરવાજાનું તાળું તોડી ચોર ઈસમો મકાનમાં પ્રવેશ્યા હતા. અંદર ઘૂમેલા તસ્કરોએ રૂમ અને તિજોરી ફંફોસી તેમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રૂ. ૩૧,૮૦૦ની મત્તાની ચોરી કરી હતી. જયારે આ વિસ્તારના પાછળના ભાગમાં અન્ય એક મકાન નં. ૭૩૬/૨માં રહેતા દિલીપસિંહ રતનસિંહ માળીનું મકાન પણ બંધ હતું તે દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૪.૩૦ના સમયગાળા દરમિયાન તસ્કરો બારીની ગ્રીલ તોડી અંદર ઘુસ્યા હતા. મકાનમાંથી દાગીના સહિત કુલ રૂ. ૨૬,૮૦૦ની મત્તાની ઉઠાંતરી કરી હતી. આ અંગે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ડોગ સ્કવોર્ડની મદદથી ચોર ઈસમોનું પગેરું શોધવા કોશિશ કરી હતી. સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બી.યુ. ગડરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર એસટી ડેપોમાં ગંદકીનું સામ્રાજ્ય જોર પકડી રહ્યું છે. વેકેશનના માહોલમાં આવક તો એસટી નિગમે ખાસ્સી કરી છે, હવે વ્યવસ્થા આપવાનો એનો વારો છે. (તસવીર : દિપક જાની)

# શાહપુર ચોકડી પાસે કારે ટકકર મારતાં યુવાનનું મોત

### રસ્તો ક્રોસ કરતા યુવાનને કારે અડફેટે લીધો

ગાંધીનગર, તા.૨૧

શાહપુર ચોકડી પર માર્ગ ઓળંગવા જતા એક યુવાનને ગઈ કાલે સાંજે વેગનઆર કારે ટકકર મારતા તેનું કરૂણ મોત નિપજયું હતું.

સાબરકાંઠા જિલ્લાના પીપળીયા ગામનો રહેવાસી યુવાન પ્રવિણ લક્ષ્મણભાઈ ભગોરા (ઉ.વ.૨૭) મોટેરા ખાતે સાઈટ પર મજૂરીનું કામ કરતો હતો. ગઈકાલે સાંજે ૬ વાગ્યાના અરસામાં આ યુવાન શાહપુર બ્રિજ પર માર્ગ ક્રોસ કરતો હતો તે વેળાએ પૂરપાટ આવતી વેગનઆર કાર નં. જીજે-૧૩-એન.એન. ૨૫૩૬ના ચાલકે તેને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું કરૂણ મોત નિપજયું હતું. બનાવ સંદર્ભે સે-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા પી.એમ.આઈ. એ.કે. ભરવાડે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કાર કબજે લઈ કારચાલક ઈસમનો પત્તો મેળવવા આગળ તપાસ આરંભી છે.

# વણકર સમાજના વિદ્યાર્થીઓને નોટ-ચોપડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૧

બસો બ્યાસી પરગણા માણસા તડ વણકર સેવા માજ ટ્રસ્ટના મહામંત્રી મધુકર પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં વણકર સમાજના ટ્રસ્ટની સામાન્ય સભા તથા માણસા તડના આગેવાનોની અગત્યની બેઠક બાપુપુરા ખાતે મળી હતી. જેમાં ધોરણ ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને નોટ-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ખાતે બસો બ્યાસી પરગણા માણસા તડ વણકર સેવા સમાજ ટ્રસ્ટની બેઠક મળી હતી. જેમાં શિક્ષણ મંત્રી રમણલાલ વોરા અને પૂર્વ સાંસદ સભ્ય રતીલાલ વર્મા ખાસ હાજર રહ્યા હતા. આમંત્રિત મહેમાનોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોના શુભ હસ્તે માણસા તડના બાર ગામના ધોરણ ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને નોટ-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયંતિલાલ સુતરીયાએ આ પ્રસંગે સંસ્થાનો પરિચય આપ્યો હતો તથા સંસ્થાની પ્રગતિ અંગે વિગતવાર માહિતી રજૂ કરી હતી. સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ સુતરીયાએ હિસાબો રજૂ કર્યા હતા જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સમગ્ર બેઠકમાં અન્ય તડના આગેવાનો એ.જી. પરમાર, મનોજ મકવાણા અને બેચરભાઈ સોલંકી ખાસ ઉપસ્થિત હ્યા હતા.

# દિકરી એટલે મમતાનો મહાસાગર

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

'આધુનિક યુગમાં પ્રભુતામાં પગલાં પાડતા નવયુગલોને મારી સલાહ છે કે, ભગવાન પાસે તમે હંમેશા દિકરીની જ માગણી કરજો. જો દિકરાની જ અપેક્ષા હોય તો વૃદ્ધાશ્રમમાં જવાની તૈયારી રાખજો.' આ શબ્દો સેકટર-૨માં રહેતા દર્શનાબેન વિશ્વેશભાઈ મહેતાના. બંને નિવૃત્ત સરકારી કર્મચારી છે. જેમને બે વહાલસોયી દિકરીઓ છે. મોટી દિકરી વિનંતી અને અને નાની દૃષ્ટી બંને પરણાવી



છે. મોટી દિકરી વડોદરા અને નાની દિકરી ઉદેપુર રહે છે. બંને દિકરીઓ ખૂબ સુખી છે. દર્શનાબેન કહે છે બંને દિકરીઓ મારી આંખના રતન સમી છે. કેટલાક મા-બાપ કહે છે કે, અમે તો અમારી દિકરીને દીકરાની જેમ ઉછેરીને મોટી કરી છે. વિશ્વેશભાઈનું માનવું છે કે, ના. મારી દિકરી એટલે દિકરી જ બસ... દિકરી હંમેશા સ્નેહનો સમંદર છે. મમતાનો મહાસાગર છે. એની સુંદરતા, કોમળતા એની લાગણીશીલતા અને મમતાની બરાબરી દિકરો કઈ રીતે કરી શકે ? દિકરીને દિકરાની જેમ ઉછેરવા કરતાં તેને દિકરી જ રહેવા દઈ તેને એક આદર્શ માતા કે આદર્શ પત્નિ બનાવો અને તેનામાં ખુમારી અને ખુદ્દારી ભારોભાર ઠાંસીને ભરો. સંસારમાં ઉન્નત મસ્તકે અને ગૌરવપૂર્વક રહી શકે તેવી ખમીરવંતી બનાવો તો આ જ દિકરી બે કુળને તારી શકે. દિકરી એ તો પરમાત્માનું વરદાન છે એ વરદાનની ઉપેક્ષા કઈ રીતે થઈ શકે ? ઘરમાં પા.. પા... પગલી ભરી પડતી, આખડતી અને કોયલના જેવો ટહુકાર કરી સૌને કિલ્લોલ કરાવતી દિકરીને દીકરા જેવી કરવી શા માટે ? હા. દિકરી ઉંમર લાયક થતાં એને પરણાવી સાસરે વળાવતાં હૃદય પર ચોટ લાગે, હૈયુ સુનુ સુનુ થઈ જાય પણ વિશ્વેશભાઈ અને દર્શનાબેન કહે છે અમોને ક્યારેય એવું લાગ્યું નથી કે દીકરીઓ



અમારાથી દૂર છે. કારણ કે, એક પણ દિવસ એવો નથી ગયો કે ફોન દ્વારા અમારી દીકરીઓએ અમારા ખબર અંતર પૂછ્યા ન હોય. અમે એટલા ભાગ્યશાળી છીએ કે અમારા બંને જમાઈઓ વિરલકુમાર અને દર્શિતકુમાર સાચા અર્થમાં અમારી ટેકણ લાકડી બની અમારી સંભાળ રાખે છે. દર્શનાબેનને ઘૂંટણે તકલીફ થતાં જમાઈરાજે આગ્રહ કરી દવાખાને દાખલ કરાવી ઘૂંટણનું ઓપરેશન કરાવી નાખ્યું અને દર્શનાબેન ચાલતાં થયા... આવી સંભાળ કદાચ દીકરાએ પણ ના લીધી હોત અને હા.. અમારી તબિયત બગડવાના સમાચાર મળે એટલે ગમે તેવા કામ મુકી દીકરી અને જમાઈઓ સેવામાં હાજર થઈ જાય. વિશ્વેશભાઈની પણ એકવાર અચાનક તબિયત બગડતાં પ્લેન દ્વારા જમાઈઓ અને દિકરીઓ હાજર થઈ ગયા અને જ્યાં સુધી તેમની તબિયત સારી ન થઈ ત્યાં સુધી પથારી પાસેથી ખસ્યા નથી. કદાચ અમારે દીકરાઓ હોત તો નિવૃત્તિ જીવન વૃદ્ધાશ્રમમાં ગાળવું પડત. એમના મિત્રો જેમને દિકરા છે તે આવીને એમની આગળ હૈયાવરાળ ઠાલવે તે સાંભળી વિશ્વેશભાઈ કહે છે કે, એ મા-બાપ ભાગ્યશાળી છે જેમના ઘેર માત્ર દિકરી છે. જૂના સંસ્મરણો તાજા કરતાં દર્શનાબેન કહે છે કે, અમારી દીકરીઓ પડોશીઓને પણ એટલી જ વહાલી હતી કે બંને દિકરીઓને ખૂબ જ લાડ લડાવી તેમનું જતન કર્યું છે. અમારાએ સેકટર-૨૯ના પડોશીઓની યાદ આવે ત્યારે એ સમયના સંસ્મરણો આંખના ખૂણાને ભીંજવી જાય છે. બંને દિકરીઓ મલ્હાર ગૃપમાં દાખલ થઈ ખૂબ ગરબે ઘુમી છે. ગરબા તેમને પ્રિય હતા. એમના શોખને અમે ક્યારેય ટકોર કરી નથી. એમના વિકાસને અમે હંમેશા બળ પૂરું પાડ્યું છે. અમારી દીકરીઓએ ક્યારેય એવું વર્તન નથી કર્યુ કે અમારી લાગણી દુભાય. હા અમે માવતર ક્યારેય કમાવતર થયા હોઈશું પણ અમારા છોરું ક્યારેય કછોરું નથી થયા. અમે



નવરાત્રિમાં જગદંબાના ગરબા ખૂબ ગાયા છે અને જગદંબાએ પ્રસાદી સ્વરૂપે આ બંને દિકરીઓ અમારે ત્યાં મોકલી છે. ભગવાન સૌને આવી દીકરીઓ અને આવા જમાઈ આપે...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૦.૦૦

સૂર્યાસ્ત : ૦૦.૦૦

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુતમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦

ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫

છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦

જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫

વીકી ડોનર : ૨.૩૦

હાઉસફુલ- ૨ : ૪.૪૫

ઈશકઝાદે : ૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫ -

ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦

ડિપાર્ટમેન્ટ : ૪.૩૦ - ડેન્જર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

મર મીટેગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** વ્યાપારક્ષેત્રમાં દિવસ પ્રગતિકારક રહેશે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થતી જણાય.

**વૃષભ :** વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. આવક કરતાં ખર્ચ વધે નહી તેની કાળજી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**મિથુન :** અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષની લાગણી પેદા થશે. કૌટુંબિક ચિંતાઓ હળવી બનતી જણાય. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. યાત્રા થઈ શકે છે.

**કર્ક :** ભૂમિ- સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં જળવાઈ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

**સિંહ :** અથાગ પ્રયત્નો કરવાં છતાં ઓછો લાભ થવાની સંભાવના રહેલ છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહી શકે છે. નવા કાર્યો, વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકશાન થઈ શકે છે.

**કન્યા :** કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદમાં અભિવૃતિ થવાની સંભાવના છે. નોકરીમાં અધીનોનો સહયોગ મળશે. ધર્મક્ષેત્રે આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો થશે.

**તુલા :** કોઈ ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધન પ્રાપ્ત થશે.

**વૃશ્ચિક :** ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું હિતકારી રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો. વિશેષ યાત્રાનો યોગ છે.

**ધન :** ઋણથી મુકત થઈ શકશો. મિત્રોનો સાથ- સહકાર કાર્યમાં મળી શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**મકર :** તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર-માન પ્રાપ્ત કરાશે. સામાજિક માનૃ સન્માનમાં વધારો થશે. વ્યવસાયિક લાભ અને સુખૃ સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**કુંભ :** ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતન થઈ શકશે. વિવાદિત વ્યપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર -વિમર્શન થઈ શકે છે.

**મીન :** વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણનું નિર્માણ થઈ શકશે. ગુસ્સા ઉપર કાબુ રાખવો હીતકારી સાબિત થશે.

## ચિરવિદાય

- સ્વ. પરસોત્મ રામજી જાદવ (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૫૯૫/એ-૧, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. બબુબેન કાળુભાઈ લઢેલ (ઉ.વ. ૬૫) સરકારી સ્ટાફ ક્વાટર્સ, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. કરશનભાઈ ભૂરાજી ભીલ (ઉ.વ. ૩૫) સેકટર-૧ ૩ના કાચા છાપરા, ગાંધીનગર
- સ્વ. ઢબુબેન બબાજી ઠાકોર (ઉ.વ. ૯૫) મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર